અગ્રતા ક્રમ -: **૧૧**

વિભાગ :- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૪૬૨

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૦૭.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)

**અગ્રતા ક્રમ : ૧૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૬૨**

**અનુક્રમણિકા**


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | |
| | પૂરક નોંધ) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય) | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | રાજયનું શ્રમ તંત્ર મુખ્યત્વે કયા શ્રમ કાયદાઓનો અમલ કયા સંવર્ગના કયા અધિકારીઓ દ્વારા કરાવે છે ? | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| પેટા પ્રશ્ન-૨ | શ્રમ આયુક્ત તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાઓનું માર્ગદર્શન આપવા શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે? | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| પેટા પ્રશ્ન-૩ | સાબરકાંઠા જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે ? | શ્રી પૂનમચંદ બરંડા (ભિલોડા) |
| પેટા પ્રશ્ન-૪ | સાબરકાંઠા જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા સમજાવટથી ચુકવણું કયા કયા પ્રકારે કરવામાં આવેલ છે ? | શ્રી પૂનમચંદ બરંડા (ભિલોડા) |
| પેટા પ્રશ્ન-૫ | સાબરકાંઠા જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે ? | |

| | | |
|---|---|---|
| પેટા પ્રશ્ન-૬ | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કારખાના ધારા હેઠળ કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે? તેમજ નોંધાયેલા કારખાના ની તાલુકાવાર વિગતો જણાવશો ? | |
| પેટા પ્રશ્ન-૭ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરીયાદો અન્વયે કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામા આવેલ છે? | |
| પેટા પ્રશ્ન-૮ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે? | |
| પેટા પ્રશ્ન-૯ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામા આવેલ છે? | |
| પેટા પ્રશ્ન-૧૦ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે કેટલી મુલાકાતો લેવામાં આવેલ છે? | |
| પેટા પ્રશ્ન-૧૧ | ફરિયાદનો નિકાલ કરવાની સમય મર્યાદા શું નક્કી થયેલ છે. | |
| પેટા પ્રશ્ન-૧૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદ પડતર છે? | |

મેઇન પેજ પર જાઓ

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

<u>તારાંકિત પ્રશ્ન</u>

<u>ક્રમાંકઃ પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/462

વિષયઃ

સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 08/01/2024 | તારીખ 01/02/2024 | 16/01/2024 |

*15/4/462 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(હિંમતનગર)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

મેઇન પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ

* ૧૫/૪/૪૬૨ : શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર): માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) | ૪૯ |
| (૨) | ઉકત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | • ૨૪ ફરિયાદમાં ૫૨ શ્રમયોગીઓને રૂ.૧૦,૫૮,૮૭૩/-નુ સમજાવટથી ચૂકવણુ કરાવવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદમાં ૦૩ સંસ્થા વિરૂદ્ધ નામદાર અદાલતમાં કોર્ટ કેસ દાખલ કરેલ છે.<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થા વિરુદ્ધ નામદાર લેબર કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થામાં સમાધાન થઇ જતા ફરિયાદ પરત ખેંચેલ છે.<br>• ૦૬ ફરિયાદમાં અરજદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળના સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી કરવા જણાવેલ છે.<br>• ૦૪ ફરિયાદમાં બાકી પગાર માટે નામદાર લેબર કોર્ટમાં રીકવરીની અરજી કરવા સલાહ આપેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ગ્રેજ્યુઇટીની માંગણી બાબતે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર સમક્ષ અરજી કરવા સલાહ આપેલ છે.<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ૦૪ ફરિયાદ અન્વયે કુલ-૦૧ કારખાના વિરૂદ્ધ કુલ-૦૧ ફોજદારી કેસ કરવામાં આવેલ છે તથા અન્ય ૦૩ ફરીયાદોનો નિયમ |

અનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

---

ગૃહમાં જવાબ મોકલવાની તા.૦૧/૦૨/૨૦૨૪ ક્ર:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૯/મ(૩)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩૧/૦૧/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગરના પ્રશ્ન દાખલ કર્યા તા.૧૬/૦૧/૨૦૨૪ના અનુસંધાને જવાબ અપલોડ કરેલ છે.

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાનાઃ –

(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
(૨) માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
(૩) શ્રમ આયુકતશ્રી, ગુ.રા., શ્રમ આયુકતીશ્રીની કચેરી, ઉદ્યોગ ભવનગ, સેકટર-૧૧, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
(૫) વિધાનસભા કામકાજ માટે વિભાગના નોડલ અધિકારીશ્રી,શ્ર.કૌ.વિ.રો.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી(સં.) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) શાખા સિલેકટ ફાઇલ /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ – ૨૦૨૪.

મેઇન પેજ પર જાઓ

**પ્રશ્નનું મુખ્ય હાર્દ**

## સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ

ઔદ્યોગિક એકમો દ્વારા કર્મચારી / વર્કરોનું શોષણ ન થાય ત્યારે જ રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે. ગુજરાત ઔદ્યોગિક શાંતિ જાળવી રાખવામાં અગ્રેસર છે. શ્રમ તંત્ર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવી રાખવા માટે શ્રમિકો અને માલિકોને સ્પર્શતાં વિવિધ શ્રમ કાયદાઓના અસરકારક અમલીકરણને અગ્રિમતા આપી પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

- વિવિધ શ્રમ કાયદાઓના ભંગ બાબતની ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરવાની કામગીરી શ્રમ તંત્રના શ્રમ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવે છે.

- પ્રસ્તુત વિધાનસભા તારાંકિત પ્રશ્ન સંદર્ભે ઔદ્યાગિક એકમોમાં કામ કરતા શ્રમયોગીઓના શોષણ બાબતે શ્રમ કાયદાઓના ભંગ બાબતે ફરિયાદ આવે ત્યારે સરકાર દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

    (૧) ફરિયાદ મુખ્યત્વે ટ્રેડ યુનીયન, શ્રમયોગી પોતે અથવા તો તેમના વારસદારો દ્વારા આવતી હોઈ છે.

    (૨) ફરિયાદ આવ્યા બાદ સદરહું ફરિયાદ જો નિયામક, ઔદ્યૌગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા અમલવારી કરાવતા મુખ્યત્વે નીચે મુજબના કાયદાઓ અન્વયે હોય તો અધિકારી દ્વારા ઔદ્યૌગિક એકમોની ઓચીંતી મુલાકાત લેવામાં આવે છે.

    (૧) કારખાના ધારા – ૧૯૪૮ અને તે હેઠળના નિયમો.

    (૨) વેતન ચુકવણી ધારા – ૧૮૩૬

    (૩) પ્રસુતિ સહાયતા અધિનિયમ – ૧૯૬૧

(૩) મુલાકાત વખતે ફરિયાદના મુદ્દા અન્વયે તપાસણી કરતી વખતે શ્રમયોગીઓનો રૂબરૂમાં સંપર્ક સાધવામાં આવે છે અને સાથેસાથે જરૂરી દસ્તાવેજો પણ ચકાસવામાં આવે છે.

(૪) જો ફરિયાદના મુદ્દા અન્વયે કોઈ ક્ષતિ માલૂમ પડે તો નિયમ અનુસાર કારણદર્શક નોટીસ પાઠવવામાં આવે છે.

(૫) કારણદર્શક નોટીસ અન્વયે શ્રમયોગીઓને મળતા હકો આપવામાં ન આવે તેવા કિસ્સામાં નામદાર કોર્ટમાં ફોજદારી કેસો કારખાનાના કબ્જેદાર/મેનેજર સામે દાખલ કરવામાં આવે છે.

મેઇન પેજ પર જાઓ

## પૂરક નોંધ (શ્રમ આયુક્તશ્રી)

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૪૬૨**

**માનનીય ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)**

**સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ**

સરકારી શ્રમ અધિકારીશ્રી, સાબરકાંઠા દ્વારા ફરિયાદ સંદર્ભે કરવામાં કાર્યવાહીની વિગતો:-

- સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં કર્મચારી / વર્કરોના શોષણ અન્યાય સંદર્ભે કુલ ૨૬ ( છવ્વીસ) સંસ્થાઓ સામેની કુલ: ૪૫ (પિસ્તાળીસ) ફરીયાદો મળેલ છે. (જેની યાદી બિડાણ – ૧ થી સામેલ છે)
- કર્મચારી / વર્કરો તરફથી મળેલ ઉક્ત ફરીયાદો પૈકી ૨૪ (ચોવીસ) ફરીયાદોમાં નીચે મુજબનું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ-૨ થી સામેલ છે)

| ફરિયાદોની સંખ્યા | સંસ્થાની સંખ્યા | શ્રમયોગીઓની સંખ્યા | સમજાવટથી કરાવેલ ચુકવણું |
|---|---|---|---|
| ૨૪ (ચોવીસ) | ૦૮ (આઠ) | ૫૨ (બાવન) | રૂ. ૧૦૫૮૮૭૩ (દસ લાખ અઠ્ઠાવન હજાર આઠસો તોત્તેર ) |

- ઉક્ત ફરિયાદો સંદર્ભે કુલ ૦૩ (ત્રણ) સંસ્થા સામેની ૦૪(ચાર) ફરિયાદોમાં સંસ્થા દ્વારા પૂર્તતા ન કરતાં તેઓ સામે કુલ ૦૩(ત્રણ) ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૦૧ (એક) કેસનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરવામાં આવેલ છે. અને કસુરવાર માલિકને રૂ. ૧૫૦૦/- (પંદર સો) નો દંડ કરવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ -૩ થી સામેલ છે.)
- ઉક્ત ફરિયાદો પૈકી ૦૨ (બે) ફરિયાદમાં ૦૨ (બે) સંસ્થા વિરુદ્ધ નામદાર લેબર કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

- ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થામાં સમાધાન થતાં ફરિયાદ પરત ખેંચેલ છે. ૦૬ ફરિયાદમાં અરજદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળના સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી કરવા જણાવેલ છે. ૦૪ ફરિયાદમાં બાકી પગાર માટે નામદાર લેબર કોર્ટમાં રીકવરીની અરજી કરવા સલાહ આપેલ છે. ૦૧ ફરિયાદમાં ગ્રેજ્યુઇટીની માંગણી બાબતે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર સમક્ષ અરજી કરવા સલાહ આપેલ છે. ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.

<u>સરકારી શ્રમ અધિકારીશ્રી, સાબરકાંઠા દ્વારા ફરિયાદ ઉપરાંત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો:-</u>

- તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સરકારી શ્રમ અધિકારીશ્રી દ્વારા ઉક્ત ફરીયાદો ઉપરાંત કુલ <u>૨૦૭</u> (બસો સાત) સંસ્થાઓની રૂબરૂ તપાસ કરીને લાગૂ પડતા શ્રમ કાયદાઓ હેઠળ તપાસનોંધ આપવામાં આવેલ છે.
- સંસ્થાઓને વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ આપવામાં આવેલ તપાસનોંધ સંદર્ભે પૂર્તતા ન કરતા કુલ <u>૧૦ (દસ)</u> ઔદ્યોગિક એકમો સામે <u>૧૩ (તેર)</u> ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૦૫ (પાંચ) કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસુરવાર માલિકને રૂ. ૪૨,૦૦૦/- (બેતાળીસ હજાર) દંડ વસુલ કરવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ–૪ થી સામેલ છે).

| સંસ્થાઓની સંખ્યા | દાખલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | પડતર કોર્ટ કેસોની સંખ્યા | નિકાલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | દંડની રકમ |
|---|---|---|---|---|
| ૧૦ (દસ) | ૧૩ (તેર) | ૦૮ (આઠ) | ૦૫ (પાંચ) | રૂ.૪૨૦૦૦ (બેતાળીસ હજાર) |

- ફરિયાદો ઉપરાંત સરકારી શ્રમ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ તપાસ દરમિયાન પણ સમજાવટથી નીચે મુજબનું ચુકવણું કરાવવામાં આવેલ છે.
(જેની વિગતો બિડાણ–૫ થી સામેલ છે).

| ચુકવણાનો પ્રકાર | સંસ્થાઓની કુલ સંખ્યા | શ્રમયોગીઓની કુલ સંખ્યા | સમજાવટથી કરાવેલ કુલ ચુકવણું |
|---|---|---|---|
| બાકી પગારનું ચુકવણું | ૦૧ (એક) | ૧૩૪ (એક સો ચોત્રીસ) | રૂ.૩૦૨૦૨૨૫ (ત્રીસ લાખ વીસ હજાર બસો પચ્ચીસ) |
| લઘુત્તમ વેતનના તફાવતનું ચુકવણું | ૧૬ (સોળ) | ૧૪૭ (એક સો સુડતાળીસ) | રૂ.૮૮૬૧૩૯ (આઠ લાખ છ્યાસી હજાર એક સો ઓગણ ચાલીસ) |
| બાકી બોનસનું ચુકવણું | ૦૧ (એક) | ૩૦ (ત્રીસ) | રૂ.૨૬૮૭૮૪ (બે લાખ અડસઠ હજાર સાતસો ચોર્યાસી) |

## શ્રમ તંત્રનો કાર્યક્ષેત્ર અને વ્યાપ:

શ્રમ કાયદાઓના અમલીકરણ ઉપરાંત ઔધોગિક શાંતિની જાળવણી કરવી તેમજ સુમેળ ભર્યું ઔધોગિક વાતાવરણ પ્રસ્થાપિત કરવામાં શ્રમ તંત્ર આગવી અને અગત્યની ભૂમિકા ભજવે છે. શ્રમ કાયદાઓમાં કરેલ સુધારાઓમાં ઔધોગિક વિકાસની સાથે શ્રમયોગીઓનું હિત જળવાઇ રહે તે બાબત ધ્યાનમાં લેવામાં આવે છે.

## શ્રમ તંત્રનો અભિગમ અને વ્યુહરચના અને કામગીરી:

- ઔધોગિક શાંતિ જાળવી રાખવી. શ્રમ કાયદાઓનો અમલ કરાવવો. શ્રમ અને ઉધોગને લગતો કાયદાઓ, પ્રક્રિયાઓ અને નીતિઓને તર્ક બદ્ધ બનાવવા માટે તમામ પક્ષકારો સાથે ત્રિપક્ષીય મંત્રણાઓ કરવી.
- રાજ્યનું શ્રમ આયુકત તંત્ર મુખ્યત્વે લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮, બોનસ ચુકવણી અધિનિયમ-૧૯૬૫, ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨, કોન્ટ્રાક્ટ મજુર( નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦, ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭, અને બાળ અને કિશોર( પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ કાયદાઓનો અમલ કરાવે છે.

- શ્રમ આયુક્ત તંત્રના નાયબ શ્રમ આયુક્તશ્રી વર્ગ-૧, મદદનીશ શ્રમ આયુકતશ્રી વર્ગ-૧ તથા સરકારી શ્રમ અધિકારી વર્ગ–૨ સંવર્ગના અધિકારી દ્વારા શ્રમ કાયદાઓનો અમલ કરાવવામાં આવે છે. શ્રમ કાયદાઓના અમલીકરણ માટે માસિક ૨૫(પચ્ચીસ) નિરીક્ષણોનો લક્ષાંક દરેક સરકારી શ્રમ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. સરકારી શ્રમ અધિકારીશ્રીઓ દ્વારા શ્રમ કાયદાઓના નિરીક્ષણો કરતી વખતે જે ઔદ્યોગિક એકમો સામે ફરિયાદો હોય તેવા ઔદ્યોગિક એકમોના નિરીક્ષણોને અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવે છે.
- ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ આવે ત્યારે, જે તે ઔદ્યોગિક એકમની સરકારી શ્રમ અધિકારી રૂબરૂ લાગુ પડતાં શ્રમ કાયદા હેઠળ નિરીક્ષણ કરે છે અને જરૂર જણાય શ્રમ કાયદાના ભંગ બદલ તપાસનોંધ આપેછે, જો ઔદ્યોગિક એકમ શ્રમ કાયદાના ભંગની પુર્તતા ન કરે તો આવા શ્રમ કાયદાના ભંગમા ફોજદારી કેસ સમુચિત અદાલતમાં સરકારી શ્રમ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમો સામે ફરિયાદોમાં માનનીય પ્રાઈમ મીનીસ્ટર ગ્રીવન્સીસ પોર્ટલ, માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્યાલય (સી.એમ.ઓ. પોર્ટલ) , લોક ફરિયાદ (સ્વાગત પોર્ટલ), ઇ-મેઈલ દ્વારા મળતી ફરિયાદો તથા સરકારી સંદર્ભ અને કચેરીને શ્રમયોગી/શ્રમયોગીના મંડળ દ્વારા સીધી કરવામાં આવતી ફરિયાદોનો સમાવેશ થાય છે.
- <u>લધુતમ વેતન અધિનિયમ- ૧૯૪૮</u> , રાજ્ય સરકારને મળેલ સત્તા મુજબ કુલ ૫૬ અનુસુચિત રોજગારીઓમાં લધુતમ વેતન દર નકકી કરવામાં આવેલ છે. સદર કાયદા હેઠળ ઓછુ વેતન ચુકવાતુ હોય તેવી સંસ્થામાં સરકારી શ્રમ અધિકારી દ્વારા સમજાવટથી શ્રમયોગીઓને વેતન તફાવત ચૂકવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. વિવિધ રોજગારીઓમાં લધુતમ વેતન દર નકકી કરવા અને તેમાં સુધારા વધારા બાબતે લધુતમ વેતન સલાહકાર મંડળ રાજય સરકારને ભલામણ કરે છે આ કાયદો શ્રમયોગીઓના જીવન નિર્વાહ માટે પુરતુ વેતન મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે.

- <u>ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨</u> શ્રમિકોની લ્હેણી નીકળતી ગ્રેજ્યુઇટીની રકમ સંસ્થાના માલિક ચૂકવણી ન કરે તો તે મેળવવા માટે શ્રમિક પોતે અથવા નોંધાયેલ ટ્રેડયુનિયન મારફત નિયંત્રણ અધિકારીને નિયત કરવામાં આવેલ ફોર્મમાં અરજી કરી શકે છે. નિયંત્રણ અધિકારી પક્ષકારોની રજૂઆતો અને રજૂ થયેલ પુરાવાઓને ધ્યાને લઇ સંસ્થાને ગ્રેજ્યુઇટીની રકમ શ્રમિકને ચૂકવવા હુકમ કરે છે. આ હુકમ સામે કોઇ પણ પક્ષકાર ૬૦ દિવસની અંદર એપેલેટ ઓથોરિટીની અપીલ કરી શકે છે. હાલમાં કાયદાકીય જોગવાઇઓ અનુસાર વધુમાં રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- (વીસલાખ) ગ્રેજયુઇટી તરીકે ચૂકવણી થઇ શકે છે.

- <u>કોન્ટ્રાક્ટ મજૂર ( નિયમન અને નાબૂદી) અધિનિયમ-૧૯૭૦</u> ભારત સરકારે ઉધોગોમાં કોન્ટ્રાક્ટ પ્રથા હેઠળ કામ કરતા શ્રમયોગીઓની સલામતી અને કલ્યાણ માટે આ કાયદો પસાર કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા તે અન્વયેના નિયમો બનાવેલ છે. રાજ્યમાં ૫૦ કે તેથી વધુ શ્રમયોગીઓને કામે રાખતી સંસ્થા/ ઉધોગોને કોન્ટ્રાક્ટ/મજૂર( નિયમન અને નાબૂદી) જોગવાઇઓ લાગુ પડે છે. આ કાયદા હેઠળ રાજય કક્ષાએ રજિસ્ટ્રિંગ અને લાયસન્સિંગ અધિકારી તરીકે અધિક શ્રમ આયુકતને તથા મદદનીશ શ્રમ આયુક્તને તેઓના કાર્યવિસ્તાર પૂરતા નોંધણી અને લાયસંસિંગ અધિકારી તરીકે જાહેર કરેલ છે.

- <u>ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭</u>, ભારત સરકારશ્રીનો આ કાયદો ઔદ્યોગિક તકરારોની તપાસ અને પતાવટ તથા બીજા અમુક હેતુઓ માટે જોગવાઇ કરવાના ઉદેશથી ઘડવામાં આવેલા છે. આ કાયદામાં માલિકો- માલિકો અને માલિકો અને શ્રમિકો વચ્ચેની અથવા શ્રમિકો- શ્રમિકો વચ્ચેની ઔદ્યોગિક તકરારમાં નિરાકરણ માટેની જોગવાઇઓ કરવામાં આવેલ છે. રાજ્યના મદદનીશ શ્રમ આયુક્તને સમાધાન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. ઔદ્યોગિક વિવાદોમાં

સમાધાન શક્ય ન બનવાના કિસ્સામાં શ્રમ તંત્રના રેફરન્સ કરવાની સત્તાઓ મદદનીશ શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત અને રાજ્યના શ્રમ આયુક્ત દ્વારા ન્યાયનિર્ણય માટે હકુમત ધરાવતી અદાલતોમાં રેફરન્સ કરવામાં આવે છે. આ કાયદા હેઠળ લે- ઓફ, રિટ્રેચમેન્ટ અને ક્લોઝર સંબંધિત ખાસ જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ કાયદાની જોગવાઇઓના ભંગ માટે શ્રમ તંત્રના અધિકારીઓ દ્વારા કસૂરવાર સંસ્થાઓ સામે અદાલતમાં કેસો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

- **આંતર રાજય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯** રાજ્યનું શ્રમ આયુક્ત તંત્ર સ્થાનાત્તરી શ્રમયોગીઓને લગતા "આંતર રાજ્ય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯”નો અમલ કરાવે છે. આ અધિનિયમની જોગવાઇ મુજબ જ્યારે પાંચ કે તેથી વધારે શ્રમયોગીઓ એક રાજ્યમાંથી કોઇ કોન્ટ્રાક્ટર મારફત બીજા રાજ્યમાં કામ કરવા સબબ ભરતી થાય ત્યારે તેવા કોન્ટ્રાક્ટરને તથા આવા કામદારો જે સંસ્થામાં કામ કરે તે સંસ્થાને લાગુ પડે છે. આવી સંસ્થાએ આ અધિનિયમ હેઠળ નોંધણી કરાવવી ફરજિયાત છે. અને આવા કોન્ટ્રાક્ટરે આ અધિનિયમ હેઠળ લાયસન્સ લેવું ફરજિયાત છે. આ માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં ફરજ બજાવતા મદદનીશ શ્રમ આયુક્ત વર્ગ-૧ને નોંધણી તેમજ લાયસન્સીંગ અધિકારી જાહેર કરેલ છે. આ અધિનિયમની અન્ય જોગવાઇઓ જેવી કે, શ્રમયોગીઓને વિસ્થાપન ભથ્થું, પ્રવાસ ભથ્થું, કામના કલાકો, ઓવર ટાઇમ વગેરેનો અમલ સરકારી શ્રમ અધિકારી, વર્ગ-૨ દ્વારા કરાવવામાં આવે છે.

* બાળ અને તરૂણ શ્રમયોગી ( પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ- ૧૯૮૬, રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. જે બાળકોએ ૧૪ વર્ષ પુરા કરેલ નથી તેવા બાળકોને કોઇપણ પ્રકારના ધંધા/ પ્રક્રિયાઓમાં કામે રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ૧૪ થી ૧૮ વર્ષના કિશોર(તરૂણો) ને જોખમી વ્યવસાયોમાં પ્રતિબંધ છે અને અન્ય વ્યવસાયો/પ્રક્રિયાઓમાં તરૂણ શ્રમયોગીઓને કામે રાખવા માટે રોજગારીના નિયમનાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કાયદાની કલમ-૧૬ હેઠળ કરેલ જોગવાઇ મુજબ કોઇપણ વ્યક્તિ તેમજ પોલીસ અધિકારી પણ બાળશ્રમયોગી રાખવા અંગે ફોજદારી ફરિયાદો દાખલ કરી શકે છે. બાળ અને તરૂણ શ્રમયોગીઓને કાયદાથી વિરૂધ્ધ કામે રાખવા પર માલિકોને પ્રથમ વારના ગુનામાં રૂપિયા ૨૦,૦૦૦/- થી૧,૦૦,૦૦૦/- નો દંડ અથવા છ મહિનાથી બે વર્ષ સુધીની જેલ અથવા બંને શિક્ષાની જોગવાઈ છે. જ્યારે આવા જ પ્રકારના બીજીવારના ગુનામાં તેજ માલિકને એક વર્ષથી લઇને ત્રણ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે.

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન મળેલ ફરીયાદોનું લીસ્ટ

## બિડાણ-૧

| ક્રમ | અરજદારનું નામ | સંસ્થાનુ નામ | વિષય |
|---|---|---|---|
| ૧ | હિતેષભાઇ ખેમાભાઇ પટેલ | સાબર ફ્લેક્ષ્ ઈન્ડીયા લી, ધાંણધા, હિંમતનગર. | બાકી પગાર |
| ૨ | રેખાબેન વિનોદભાઇ વણકર | ગુજરાત અંબુજા એક્ષપર્ટ લી. | બાકી પગાર |
| ૩ | રાજુ મનાત | ધ્રુવભાઈ પટેલ, સેવન સ્કાય કન્સ્ટ્રક્શન સાઈટ | બાકી પગાર |
| ૪ | ડાહ્યાભાઈ ધૂળાભાઈ પરમાર | એસ. ટી. નિગમ, હિંમતનગર. | કાયદેસરના લાભની માંગણી |
| ૫ | વણકર લખુબેન જ્યંતિભાઈ | દિશા સંસ્થા હિંમતનગર | બાકી નિકળતા નાણા |
| ૬ | અભિષેક બિહારીલાલ | મા પેનલ ઈન્ડિયા પ્રા. લી. | બાકી નાણા |
| ૭ | પરમાર ગોપાલભાઈ | સાબરમતી ગેસ એજન્સી | ઓછો પગાર |

| | | | |
|---|---|---|---|
| ૮ | રમણભાઈ કોદરભાઈ ચમાર | આચમન નેચરલ પ્રો. , ગાંભોઈ | બાકી નિકળતા નાણા |
| ૯ | અખિલ ગુજરાત જનરલ મજદુર મહાસંઘ | એડિશન ગ્રેનીટો | બાકી પગાર |
| ૧૦ | ઓલ ગુજરાત જનરલ મજદુર સેવા સંઘ | નાયબ કાર્યપાલક ઈજનેર પુલ પેટા વિભાગ, ઈડર | કાયમી કર્મચારીના લાભ આપવા બાબત |
| ૧૧ | અમ્રતજી ગલબાજી મકવાણા અને અન્ય ૧૧ | પ્રાંતિજ નગરપાલીકા | લવેધા નો ભંગ બાબત |
| ૧૨ | ગુજરાત વાલ્મીકી સંગઠન | જિલ્લા પંચાયત | લવેધા થી ઓછુ વેતન ચુકવવા બાબત |
| ૧૩ | મુકેશકુમાર સોમા જાટવ | કેથોસ ટાઈલ્સ પ્રા. લી | બાકી પગાર |
| ૧૪ | મરાડીયા સાહિલ યાકુબ ભાઈ | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૧૫ | સુતરીયા હેશકુમાર | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૧૬ | પરમાર કંચનબેન | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૧૭ | પરમાર નરહરી એચ. | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૧૮ | મનસુરી દાઉદભાઈ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૧૯ | વણકર રોહિતકુમાર વસંતભાઈ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૦ | ઠાકેરડા સંજયકુમાર | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૨૧ | ડભી કરણસિંહ પ્રદિપસિહ | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૨૨ | પરમાર જિગર | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૩ | પંડ્યા જિગર | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૪ | વણકર ભરતભાઈ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૫ | પરમાર રમેશભાઈ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૬ | વાઘેલા સુરેન્દ્રસિંહ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૭ | સોલંકી લક્ષ્મણભાઈ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૮ | પરમાર અમ્રતભાઈ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર |
| ૨૯ | ભાંભી પ્રવિણભાઈ લાલાભાઈ | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૩૦ | ખરાડી જિતેન્દ્રભાઈ | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૩૧ | મકવાણા પ્રવિણભાઈ | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર |
| ૩૨ | જયા બા સી. ઝાલા | સી. ડી. પટેલ મહાવિદ્યાલય | ચડેલ પગાર અને અન્ય લાભો |

| | | | |
|---|---|---|---|
| ૩૩ | દાહોદ જિલ્લા મજદુર કામદાર યુનીયન | વિપુલ ભાઈ બિલ્ડર્સ અને જિતુભાઈ પટેલ | બાકી નિકળતા નાણા |
| ૩૪ | મકવાણા રાજુસિંહ સોમસિંહ | મિલ્ટન ઈન્ડસ્ટ્રીયલ લી. | બાકી પગાર |
| ૩૫ | ભરતભાઇ એમ. પટેલ | બેબીકેર હોસ્પિટલ | લવેધાનું પાલન કરાવવા બાબત |
| ૩૬ | રામાભાઇ દાનાભાઇ પરમાર | લાયન્સ સિક્યુરીટી, મોડાસા | લવેધા થી ઓછુ વેતન ચુકવવા બાબત |
| ૩૭ | કસ્તુરભાઈ મકવાણા<br>ગુજરાત સફાઇ કામદાર મહામંડળ | પ્રાંતિજ નગરપાલીકા | લવેધા નો ભંગ બાબત |
| ૩૮ | મહોમદ યુનુસ ગુલાબ નબી મેમણ | રાજદિપ એજન્સી | કામદારનો શોષણ |
| ૩૯ | રાજેન્દ્ર આદિવાસી | કોન્ટ્રાક્ટર રણવીર ગુર્જર | બાકી પગાર |
| ૪૦ | શ્રી ઈમરાન મનસુરી | મોન્ટેજ લેબોરેટરીસ પ્રા. લી, ધાણધા, હિંમતનગર. | કામદારોનું પુરતું વેતન અપાવવા માટે તથા ઈન્ટર્વ્યુ સમયે જે કામ કહેવામાં આવે છે તે નોકરી ચાલુ કર્યા પછી ના આ. બા. |
| ૪૧ | અરૂણભાઈ ઈશ્વરભાઈ ભંગી, હિંમતનગર. | જિલ્લા પંચાયત, સાબરકાંઠા. | લઘુત્તમ વેતન મુજબ પગાર ચુકવવા તથા તફાવતની રકમ ચૂકવી આપવા બાબત. |
| ૪૨ | કાંતાબેન દિપસિંહ રાઠોડ, હિંમતનગર. | નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, હિંમતનગર. | પગાર ન ચુકવવા બાબત |
| ૪૩ | ઓલ ગુજરાત જનરલ મજદૂર સેવા સંઘ,**AX-2**<br>સરલ એપાર્ટમેન્ટ,**B.G.R** | એશિયન ગ્રેનિટો ઈન્ડીયા લીમીટેડ મુ.પો<br>દલપુર,તા.પ્રાંતિજ,જી.સાબરકાંઠા | લ.વે.ધા,બોનસ,ગ્રેજ્યુઈટી એક્ટનો અમલ<br>કરવા બાબત અને ગેર કાયદેસર ચાલતી |

| | | | |
|---|---|---|---|
| | સ્ટેશનની નજીક, સાબરમતી,અમદાવાદ | | કોંટ્રાક્ટ પદ્ધતી નાબૂદ કરાવવા બાબત |
| ૪૪ | ઓલ ગુજરાત જનરલ જાહેર બાંધકામ મજદુર મંડળ | કાર્યપાલક ઈજનેર (પંચાયત) | અયોગ્ય મજુર પ્રથા |
| ૪૫ | વણકર ડાહ્યાભાઈ ધૂળાભાઈ, ગુજરતા તેમના વારસદાર, ઈડર, | પરિક્ષેત્ર વન અધિકારી, વડાલી | વ્યાજની તફાવતની રકમ ચુકવી આપવા બાબત |

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન

# ફરીયાદો અન્વયે કરેલ સમજાવટથી ચુકવણું

## બિડાણ - ૨

| ક્રમ | અરજદારનું નામ | સંસ્થાનુ નામ | વિષય | સમજાવટથી કરેલ ચૂકવણુ | લાભાર્થી |
|---|---|---|---|---|---|
| ૧ | મુકેશકુમાર સોમા જાટવ | કેથોસ ટાઈલ્સ પ્રા. લી | બાકી પગાર | ૩૮૭૩૮૨ | ૩ |
| ૨ | મનસુરી દાઉદભાઈ | ત્રિપુરા એન્ટરપ્રાઈઝ | ઓછો પગાર | ૪૪૬૫ | ૧ |
| ૩ | વણકર રોહિતકુમાર વસંતભાઈ | | ઓછો પગાર | ૪૪૬૫ | ૧ |
| ૪ | પરમાર જિગર | | ઓછો પગાર | ૫૧૪૧ | ૧ |
| ૫ | પંડ્યા જિગર | | ઓછો પગાર | ૫૧૪૧ | ૧ |
| ૬ | વણકર ભરતભાઈ | | ઓછો પગાર | ૫૦૫૦ | ૧ |
| ૭ | પરમાર રમેશભાઈ | | ઓછો પગાર | ૪૪૩૦ | ૧ |
| ૮ | વાઘેલા સુરેન્દ્રસિંહ | | ઓછો પગાર | ૪૪૩૦ | ૧ |
| ૯ | સોલંકી લક્ષ્મણભાઈ | | ઓછો પગાર | ૪૪૬૫ | ૧ |
| ૧૦ | પરમાર અમ્રતભાઈ | | ઓછો પગાર | ૪૪૩૦ | ૧ |
| ૧૧ | મરાડીયા સાહિલ યાકુબ ભાઈ | ધ્વનિલ સર્વિસીસ | ઓછો પગાર | ૫૦૫૦ | ૧ |
| ૧૨ | સુતરીયા હેશકુમાર | | ઓછો પગાર | ૪૪૩૦ | ૧ |
| ૧૩ | પરમાર કંચનબેન | | ઓછો પગાર | ૫૦૫૦ | ૧ |
| ૧૪ | પરમાર નરહરી એચ. | | ઓછો પગાર | ૪૪૩૦ | ૧ |
| ૧૫ | ઠાકેરડા સંજયકુમાર | | ઓછો પગાર | ૪૪૩૦ | ૧ |
| ૧૬ | ડાભી કરણસિંહ પોપટસિંહ | | ઓછો પગાર | ૪૪૩૦ | ૧ |
| ૧૭ | ભાંભી પ્રવિણભાઈ લાલાભાઈ | | ઓછો પગાર | ૨૭૫૯ | ૧ |
| ૧૮ | ખરાડી જિતેન્દ્રભાઈ | | ઓછો પગાર | ૩૬૯૦ | ૧ |
| ૧૯ | મકવાણા પ્રવિણભાઈ | | ઓછો પગાર | ૪૨૯૭ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | ભરતભાઇ એમ. પટેલ | બેબીકેર હોસ્પિટલ | લવેધાનું પાલન કરાવવા બાબત | ૩૨૯૬૬ | ૭ |
| ૨૧ | મકવાણા રાજુસિંહ સોમસિંહ | મિલ્ટન ઈન્ડસ્ટ્રીયલ લી. | બાકી પગાર | ૮૨૦૦ | ૧ |
| ૨૨ | રામાભાઇ દાનાભાઇ પરમાર | લાયન્સ સિક્યુરીટી, મોડાસા | લવેધા થી ઓછુ વેતન ચુકવવા બાબત | ૪૬૧૦૪૮ | ૨૧ |
| ૨૩ | દાહોદ જિલ્લા મજદુર કામદાર યુનીયન | વિપુલભાઇ બિલ્ડર્સ અને જિતુભાઈ પટેલ | બાકી નિકળતા નાણા | ૫૦૦૦૦ | ૧ |
| ૨૪ | જયા બા સી. ઝાલા | સી. ડી. પટેલ મહાવિદ્યાલય | ચડેલ પગાર અને અન્ય લાભો | ૩૮૬૯૪ | ૧ |
| કુલ | | | | ૧૦૫૮૮૭૩ | ૫૨ |

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન

# ફરીયાદો અન્વયે કરેલ કોર્ટ કેસો

## બિડાણ – ૩

| ક્રમ નં | કારખાનાનું નામ અને સરનામુ | લીધેલ કાયદા ભંગની વિગત (કલમ/નિયમ) | કલમ/નિયમનુ ટુંકમાં વર્ણન | કેસોની સંખ્યા | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | સાબર ફ્લેક્ષ ઈન્ડીયા લી, ધાંણધા, હિંમતનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ | કોર્ટ કેસ નં-૭/૨૦૨૩ | ૧ | પડતર |
| ૨ | એડિશન ગ્રેનીટો | લઘુત્તમ વેતન અધિનિયમ | કોર્ટ કેસ નં- ૪૪૩/૨૦૨૩ | ૧ | રૂ. ૧૫૦૦ દંડની રકમ |
| ૩ | ઉમા બિલ્ડરોડ પ્રા.લી.c/o જિલ્લા પંચાયત સાબરકાંઠા | લઘુત્તમ વેતન અધિનિયમ | કોર્ટ કેસ નં- ૫/૨૦૨૪ | ૧ | પડતર |
| કુલ | | | | ૩ | |

બિડાણ- ૪

## કોર્ટ કેસ ના લીસ્ટની માહીતી

| અનુ ક્રમ નંબર | સંસ્થાનુ નામ | કાયદાનુ નામ | કેસ નંબર | હાલની સ્થિતી |
|---|---|---|---|---|
| ૧ | કિશન એગ્રો સીડ્સ | લવેધા | ૦૫/૨૩ | ૧૨૦૦૦ રૂ. દંડની રકમ |
| | | | ૧૦/૨૩ | ૮૦૦૦ રૂ. દંડની રકમ |
| ૨ | હિંમત બહાદુર ક્રિષ્ના બહાદુર કુવર | લવેધા | ૦૬/૨૩ | પડતર |
| ૩ | વી અર્થવ, દિપ ભદ્રેશભાઈ પટેલ | લવેધા | ૩૬/૨૩ | ૧૦૦૦૦ રૂ. દંડની રકમ |
| ૪ | ટ્યુબેસ્ટ ઈન્ડિયા પ્રા. લી, | લવેધા | ૩૫/૨૩ | પડતર |
| | | ચાઈલ્ડ લેબર | ૨૧/૨૩ | પડતર |
| ૫ | અર્થવ ૨૧ સેન્ચ્યુરી | લવેધા | ૦૪/૨૩ | ૬૦૦૦ રૂ. દંડની રકમ |
| | | | ૦૮/૨૩ | ૬૦૦૦ રૂ. દંડની રકમ |
| ૬ | મારૂતિનંદન, ગોંવિંદભાઈ લખાભાઈ રબારી | ચાઈલ્ડ લેબર | ૧૬/૨૩ | પડતર |
| ૭ | રાધે દાલબાટી, પટેલ ભાવેશભાઈ નરેન્દ્રભાઈ | ચાઈલ્ડ લેબર | ૧૯/૨૩ | પડતર |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | હોનેસ્ટ રેસ્ટોરન્ટ, ગોવિંદ મોદજીભાઈ પટેલ | ચાઈલ્ડ લેબર | ૧૭/૨૩ | પડતર |
| ૯ | અશોક હોટલ, કલાલ મનીષભાઈ મનીલાલ | ચાઈલ્ડ લેબર | ૨૦/૨૩ | પડતર |
| ૧૦ | શ્રી રામ રેસ્ટોરન્ટ, ઘિસાસીંગ અમરસીંહ ચૌહાણ | ચાઈલ્ડ લેબર | ૧૮/૨૩ | પડતર |
| કુલ | | | ૧૩ | |

| બિડાણ- ૫ | | | |
|---|---|---|---|
| (૧) તફાવતનું ચુકવણું | | | |
| ક્રમ | સંસ્થા/વ્યક્તિનુ નામ | શ્રમિકોની સંખ્યા | ચુકવણાની રકમ |
| ૧ | પ્રમુખ ઈમેજિંગ સેન્ટર | ૧ | ૩૯૩૯ |
| ૨ | શ્રી રામ રેસ્ટોરેન્ટ | ૧ | ૮૦૫૦ |
| ૩ | અશોક હોટેલ | ૨ | ૧૧૮૦૦ |
| ૪ | મારૂતિનંદન ઓટો સર્વીસ | ૧ | ૮૩૭૫ |
| ૫ | બલરામ એગ્રી બિઝનેસ | ૧૧ | ૬૨૫૨૧ |
| ૬ | કાંત પ્લાસ્ટિક્સ | ૪ | ૧૧૨૨૪ |
| ૭ | કાંત પાઇપ્સ | ૪ | ૧૧૧૩૨ |
| ૮ | અનિલ શાહ | ૧૯ | ૧૨૬૭૧૭ |
| ૯ | રાધે દાલબાટી | ૧૫ | ૧૪૨૮૨૪ |
| ૧૦ | સાવલિયા સ્ક્રેપ ટ્રેડર્સ | ૧ | ૨૦૮૨ |
| ૧૧ | મોનાર્ચ | ૨ | ૧૨૦૨૪ |
| ૧૨ | આશીકા સેલ્સ | ૨ | ૫૧૯૦૦ |
| ૧૩ | સન રોટો પ્રિન્ટ પેક | ૧૭ | ૧૩૧૧૩૯ |
| ૧૪ | ધ્વનિલ એન્ટરપ્રાઇઝ | ૩૪ | ૯૭૦૧૭ |
| ૧૫ | ત્રિપુરા એન્ટરપ્રાઇઝ | ૨૭ | ૧૨૯૩૯૫ |
| ૧૬ | લાયન સિક્યોરીટી | ૬ | ૭૬૦૦૦ |
| ટોટલ | | ૧૪૭ | ૮૮૬૧૩૯ |
| (૨) બાકી પગારનું ચુકવણું | | | |
| ૧ | ઓરેકલ ગ્રેનિટો | ૧૩૪ | ૩૦૨૦૨૨૫ |
| ટોટલ | | ૧૩૪ | ૩૦૨૦૨૨૫ |
| | | | |
| (3) બોનસનું ચુકવણું | | | |
| ૧ | બેબીકેર હોસ્પિટલ | 30 | ૨૬૮૭૮૪ |
| ટોટલ | | 30 | ૨૬૮૭૮૪ |

મેઇન પેજ પર જાઓ

## પૂરક નોંધ (નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય)

**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૪૨૧ ઔદ્યોગિક એકમો કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે જેમાથી ૩૦૦ ચાલુ ઔદ્યોગિક એકમો છે તથા ૯૧ બંધ ઔદ્યોગિક એકમો છે. તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા  જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનુ શોષણ બાબતે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રને કુલ-૦૪ ફરીયાદો મળેલ છે.સાબરકાંઠા  જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ૧૯૨ કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે.**

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ ૧૧ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) | |
| પેટા પ્રશ્ન ૧ | રાજયનું શ્રમ તંત્ર મુખ્યત્વે કયા શ્રમ કાયદાઓનો અમલ કયા સંવર્ગના કયા અધિકારીઓ દ્વારા કરાવે છે ? |
| જવાબ | • રાજયનું શ્રમ તંત્ર મુખ્યત્વે લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮, બોનસ ચુકવણી અધિનિયમ-૧૯૬૫, ગ્રેજ્યુઇટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨, કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭, બાળ અને કિશોર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬, કારખાના ધારા-૧૯૪૮ અને પ્રસુતિ સહાયતા અધિનિયમ-૧૯૬૧ કાયદાઓનો અમલ કરાવે છે.<br>• શ્રમ તંત્રના નાયબ શ્રમ આયુકત (વર્ગ-૧), મદદનીશ શ્રમ આયુકત (વર્ગ-૧), સરકારી શ્રમ અધિકારી(વર્ગ-૨)તથા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યતંત્રના નાયબ નિયામક(વર્ગ-૧), મદદનીશ નિયામક(વર્ગ-૨), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી(વર્ગ-૨) સંવર્ગના અધિકારી શ્રમ કાયદાઓનો અમલ કરાવે છે. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ ૧૧ | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) | |
| પેટા પ્રશ્ન ૨ | શ્રમ આયુક્ત તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાઓનું માર્ગદર્શન આપવા શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે? |
| જવાબ | ૧) દરેક જિલ્લાની શ્રમ આયુક્ત તંત્ર હેઠળની કચેરીઓમાં અધિકારીનો રૂબરૂ સંપર્ક સાધવામાં આવતા માર્ગદર્શન આપવામાં આવે છે.<br>૨) શ્રમ આયુક્ત કચેરી દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઇન દ્વારા અસરકારક, ત્વરિત વ્યવસ્થાના ભાગરૂપે કાયદાકીય માર્ગદર્શન, શ્રમયોગીઓની કલ્યાણકારી યોજનાઓની જાણકારી તથા ટેલિફોનિક ફરિયાદ પણ નોંધવા માટે જી.વી.કે. મારફત શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય દ્વારા શ્રમિક સહાયક હેલ્પલાઇન '૧૫૫૩૭૨' તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે.<br>આ શ્રમિક સહાયક હેલ્પલાઈન ઉપર તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા-૩૧/૦૧/૨૦૨૪ સુધીમાં કુલ ૧૦૭૬૦ કોલ મળેલ છે. તેમાંથી ૬૮૭૬ કોલ વિવિધ પ્રકારના શ્રમયોગીઓને લગતા પ્રશ્નોની જાણકારી મેળવવા ૧૯૩૯ શ્રમતંત્ર તથા તેના સંલગ્ન વિવિધ બોર્ડ મારફત ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી માટે ૪૨૮ કોલ વિવિધ શ્રમ કાયદાને લગતી જાણકારી મેળવવા, ૮૬૩ કોલ ફરિયાદને લગતી માહિતી મેળવવા, ૬૫૨ ફરિયાદોના કોલ તેમજ ૦૨ કોલ ફરિયાદો બંધ કરવા માટે મળેલ છે. જેમાંથી તમામ કોલ ને યોગ્ય પ્રતિસાદ આપી શ્રમયોગીઓના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવેલ છે.<br>ફરિયાદો બાબતે ઔદ્યોગિક એકમોની (કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ) ફરિયાદમાં દર્શાવેલ મુદ્દાઓ બાબતે અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા કારખાના ધારા તથા અન્ય મજુર કાયદાઓના પાલન અંગે મુલાકાતો લઈ કાયદાઓનું પાલન કરાવવામાં આવે છે અને જ્યા  કાયદાભંગ જણાતા કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: ૧૧ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૬૨ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી પૂનમચંદ  બરંડા (ભિલોડા) | |
| પેટા પ્રશ્ન ૩ | સાબરકાંઠા જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે ? |
| જવાબ | સાબરકાંઠા જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદોની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | કાયદાનું નામ | ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કારખાના અધિનિયમ,૧૯૪૮ | ૦૧ |
| ૨ | પગાર ધારા અધિન્યમ,૧૯૨૩ | ૦૩ |
| ૨ | લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ | ૩૮ |
| ૩ | ઔદ્યોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭ | ૦૪ |
| ૪ | ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ | ૦૧ |
| ૫ | અન્ય | ૦૨ |
| | કુલ | ૪૯ |

મેઇન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ: ૧૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૬૨**

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી પૂનમચંદ  બરંડા (ભિલોડા)**

**પેટા પ્રશ્ન ૪**

સાબરકાંઠા જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા સમજાવટથી ચુકવણું કયા કયા પ્રકારે કરવામાં આવેલ છે ?

**જવાબ**

**સાબરકાંઠા જિલ્લામાં ફરિયાદો સિવાય ૨૦૭ (બસો સાત) સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા રૂબરૂ તપાસ કરીને ૧૮ (અઢાર) સંસ્થાઓમાં સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.**

| ચુકવણાનો પ્રકાર | સંસ્થાઓની કુલ સંખ્યા | શ્રમયોગીઓની કુલ સંખ્યા | સમજાવટથી કરાવેલ કુલ ચુકવણું |
|---|---|---|---|
| બાકી પગારનું ચુકવણું | ૦૧ (એક) | ૧૩૪ (એક સો ચોત્રીસ) | રૂ.૩૦૨૦૨૨૫ (ત્રીસ લાખ વીસ હજાર બસો પચ્ચીસ) |
| લઘુત્તમ વેતનના તફાવતનું ચુકવણું | ૧૬ (સોળ) | ૧૪૭ (એક સો સુડતાળીસ) | રૂ.૮૮૬૧૩૯ (આઠ લાખ છ્યાસી હજાર એક સો ઓગણ ચાલીસ) |
| બાકી બોનસનું ચુકવણું | ૦૧ (એક) | ૩૦ (ત્રીસ) | રૂ.૨૬૮૭૮૪ (બે લાખ અડસઠ હજાર સાતસો ચોર્યાસી) |
| કુલ...... | ૧૮ | ૩૧૧ | રૂ.૪૧,૭૫,૧૪૮ (એકતાલીસ લાખ પંચોત્તેર હજાર એકસો અડતાલીસ) |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ ૧૧ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર) | |
| પેટા પ્રશ્ન ૫ | સાબરકાંઠા જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે ? |
| જવાબ | સાબરકાંઠા જિલ્લામાં ફરિયાદો સિવાય ૧૦ (દસ) સંસ્થાઓમાં ૧૩ (તેર) ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૦૫ (પાંચ) કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસુરવાર માલિકને રૂ. ૪૨,૦૦૦/ - (બેતાળીસ હજાર) દંડ વસુલ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. |

| સંસ્થાઓની સંખ્યા | દાખલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | પડતર કોર્ટ કેસોની સંખ્યા | નિકાલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | દંડની રકમ |
|---|---|---|---|---|
| ૧૦ (દસ) | ૧૩ (તેર) | ૦૮ (આઠ) | ૦૫ (પાંચ) | રૂ.૪૨૦૦૦ (બેતાળીસ હજાર) |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમઃ ૧૧** | |
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| **મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)** | |
| **પેટા પ્રશ્ન ૬** | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કારખાના ધારા હેઠળ કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે? તેમજ નોંધાયેલા કારખાના ની તાલુકાવાર વિગતો જણાવશો ? |
| જવાબ | કારખાનાધારાની પાત્રતાની વ્યાખ્યા :<br>જે સ્થળ પર ૧૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય અથવા જે સ્થળ પર ૨૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદ વગર ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય તેવા સ્થળને કારખાના તરીકે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધણી કરવામા આવે છે.<br>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૪૨૧ ઔદ્યોગિક એકમો કારખાનાધારા હેઠળ નોંધાયેલ છે જેની તાલુકાવાર વિગતો આ મુજબ છે. |

## તાલુકાવાર કુલ કારખાનાની સંખ્યા

| ક્રમ | તાલુકાનુ નામ | કુલ કારખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૦૫ |
| ૨ | વિજયનગર | ૦૦ |
| ૩ | વડાલી | ૦૬ |
| ૪ | ઇડર | ૬૧ |
| ૫ | હિમ્મતનગર | ૧૩૫ |
| ૬ | પ્રાંતિજ | ૯૮ |
| ૭ | તલોદ | ૧૧૬ |
| ૮ | પોશીના | ૦૦ |
| | કુલ | ૪૨૧ |

મેઇન પેજ પર જાઓ

| |
|---|
| **અગ્રતા ક્રમઃ ૧૧** |
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨** |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ** |
| **મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)** |

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૭** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરીયાદો અન્વયે કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામા આવેલ છે? |
| **જવાબ** | **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમ્યાન ૦૪ ફરીયાદો મળેલ છે. જે અન્વયે ૦૧ કારખાનાની સામે ૦૧ કેસ કરેલ છે.જેની વિગતો આ મુજબ છે.** |

| ક્રમ નં | કારખાનાનું નામ & સરનામુ | લીધેલ કાયદાભંગની વિગત (નિયમ/કલમ) | કલમ/નિયમ નુ ટુંકમાં વર્ણન | કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | એડીશન ગ્રેનિટો પ્રા. લી. સર્વેનં-૫૨૯, ૫૩૦, ૫૩૧, ૫૩૨, ૫૩૩,૫૩૪, ગામ- બિલેશ્વર કંપા, ઉમેદની મુવાડી પાસે, મુ, હરસોલ, તા. તલોદ,જી. સાબરકાંઠા | ગુજરાત પગાર નિયમો-૧૯૬૩ના નિયમ- ૫ | કારખાનામાં કામ કરતા પુખ્તવયના કામદારોના કામ કરવાની વિગતો, તેમને ચુકવવામાં આવતો પગાર, કાયદેસરની કપાત તથા અન્ય વિગત દર્શાવતુ નમુના-૨એ મુજબનું પગાર પત્રક કારખાના કબ્જેદાર દ્વારા નિભાવવાનું રહે છે. | ૦૧ |
| | | | કુલ | ૦૧ |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ ૧૧ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર) | |
| પેટા પ્રશ્ન ૮ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે? |
| જવાબ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ ૧૯૨ કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે જેની વિગતો આ મુજબ છે. |

| ક્રમ | તાલુકાનુ નામ | તપાસણીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૦૨ |
| ૨ | વિજયનગર | ૦૦ |
| ૩ | વડાલી | ૦૩ |
| ૪ | ઇડર | ૨૯ |
| ૫ | હિમ્મતનગર | ૫૪ |
| ૬ | પ્રાંતિજ | ૪૧ |
| ૭ | તલોદ | ૬૩ |
| ૮ | પોશીના | ૦૦ |
| | કુલ | ૧૯૨ |

તાલુકાવાર તપાસણીની સંખ્યા

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમઃ ૧૧** | |
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| **મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)** | |
| **પેટા પ્રશ્ન ૯** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામા આવેલ છે? |
| **જવાબ** | **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ૦૨ કારખાનાની સામે ૦૨ કેસો કરવામા આવેલ છે જેની વિગત આ મુજબ છે.** |

| ક્રમ નં | કારખાનાનું નામ & સરનામુ | લીધેલ કાયદાભંગની વિગત (નિયમ/કલમ) | કલમ/નિયમ નુ ટુંકમાં વર્ણન | કેસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | એડીશન ગ્રેનિટો પ્રા. લી. સર્વેનં-૫૨૯, ૫૩૦, ૫૩૧, ૫૩૨, ૫૩૩,૫૩૪, ગામ-બિલેશ્વર કંપા, ઉમેદની મુવાડી પાસે, મુ, હરસોલ, તા. તલોદ,જી. સાબરકાંઠા | ગુજરાત પગાર નિયમો-૧૯૬૩ના નિયમ- ૫ | કારખાનામાં કામ કરતા પુખ્તવયના કામદારોના કામ કરવાની વિગતો, તેમને ચુકવવામાં આવતો પગાર, કાયદેસરની કપાત તથા અન્ય વિગત દર્શાવતુ નમુના-૨એ મુજબનું પગાર પત્રક કારખાના કબ્જેદાર દ્રારા નિભાવવાનું રહે છે. | ૦૧ |
| ૨ | પ્રમુખ ઇન્ડસ્ટ્રીઝ સર્વે નં-૯૯૧/૨, નાનનપુર રોડ, ગામ-સોનાસન,તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા | કા. ધા. - ૧૯૪૮ની કલમ - ૭એ(૨)(બી) | કારખાનાના કબ્જેદારશ્રીએ કારખાનામાંવસ્તુઓ અને પદાર્થોના ઉપયોગ જાળવણી, સંગ્રહ અને હેરફેર સંબધી શ્રમયોગીઓની સલામતની ખાતરી કરવાની હોય છે . | ૦૧ |
| | | | કુલ | ૦૨ |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમઃ ૧૧** | |
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ** | |
| **મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)** | |
| **પેટા પ્રશ્ન ૧૦** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે કેટલી મુલાકાતો લેવામાં આવેલ છે? |
| **જવાબ** | **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે ૦૪ મુલાકાતો લેવામાં આવેલ છે.** |

મેઇન પેજ પર જાઓ

<table>
<tr><td colspan="2">અગ્રતા ક્રમઃ ૧૧</td></tr>
<tr><td colspan="2">તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨</td></tr>
<tr><td colspan="2">પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ</td></tr>
<tr><td colspan="2">મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)</td></tr>
<tr><td>પેટા પ્રશ્ન ૧૧</td><td>ફરિયાદનો નિકાલ કરવાની સમય મર્યાદા શું નક્કી થયેલ છે.</td></tr>
<tr><td>જવાબ</td><td>ફરિયાદનો નિકાલ કરવાની સમય મર્યાદા ૯૦ દિવસની નક્કી કરવામાં આવેલ છે.</td></tr>
</table>

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ ૧૧ | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૪૬૨ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર) | |
| પેટા પ્રશ્ન ૧૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદ પડતર છે? |
| જવાબ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી કોઇ ફરીયાદ પડતર નથી. |

મેઇન પેજ પર જાઓ